1. પશ્ચિમમાં અર્થશાસ્ત્રના ઉદ્દભવ અને વિકાસ વિશે ટૂંકમાં માહિતી આપો.

- 'Economica' નામના પુસ્તકમાં તત્ત્વચિંતક એરિસ્ટોટલે સૌપ્રથમ આર્થિક ચિતને રજૂ કર્યું હતું.વિશિષ્ટીકરણને કારણે ઔદ્યોગિક ક્રાંતિ બાદ માનવીના આર્થિક વર્તનનો સ્વતંત્ર વિષય તરીકે અભ્યાસ શરૂ થયો.1776માં એડમ સ્મિથે અર્થશાસ્ત્રનું સ્વતંત્ર ચિંતન રજૂ કરતું પુસ્તક 'Wealth of Nations' પ્રકાશિત કર્યું અને અર્થશાસ્ત્રનો સ્વતંત્ર અને વેજ્ઞાનિક ઢબે અભ્યાસ શરૂ કર્યો. તેથી પશ્ચિમમાં એડમ સ્મિથને સો અર્થશાસ્ત્રના પિતા તરીકે ઓળખે છે.
- એડમ સ્મિથના મતે, 'અર્થશાસ્ત્ર એ સંપત્તિનું શાસ્ત્ર છે', કારણ કે તે ઉત્પાદક શ્રમ દ્વારા ઉત્પન્ન થયેલ ભૌતિક સંપત્તિના વપરાશ અને વિનિમયનો અભ્યાસ કરતું વિજ્ઞાન છે. એડમ સ્મિથે અર્થશાસ્ત્રને સામાજિક વિજ્ઞાનનો દરજ્જો આપ્યો. માનવીના આર્થિક વર્તનના અભ્યાસમાં એડમ સ્મિથે નીતિશાસ્ત્રને દૂર રાખી માનવ કલ્યાણની ઉપેક્ષા કરી છે. 1890માં આલ્ફ્રેડ માર્શલે પોતાના પુસ્તક "Principle of Economics"માં અર્થશાસ્ત્રને કલ્યાણલક્ષી શાસ્ત્ર તરીકે રજૂ કર્યું છે.
- માર્શલના મત મુજબ, 'અર્થશાસ્ત્ર માનવીની રોજિંદી આર્થિક પ્રવૃત્તિઓનું અભ્યાસ કરતું કલ્યાણલક્ષી શાસ્ત્ર છે.' માર્શલ તેની વ્યાખ્યામાં આર્થિક પ્રવૃત્તિઓ દ્વારા માનવી ભૌતિક ચીજવસ્તુઓના વપરાશથી કેવી રીતે સુખાકારી મેળવે છે તેનું વિશ્લેષણ કરે છે. જો કે માર્શલ માત્ર ભૌતિક અને માપી શકાય તેવી વસ્તુઓના ઉપયોગની જ વાત કરે છે અને અભૌતિક ચીજો જેવી કે, ડૉક્ટર, વકીલ, શિક્ષક, સંગીતકાર વગેરેની ઉપેક્ષા કરે છે તે યોગ્ય નથી, છતાં તેનું પ્રાથમિક ધ્યેય માનવકલ્યાણનું છે તે બાબત અગત્યની છે.
- 1931માં લાયોનેસ રોબિન્સે પ્રકાશિત કરેલા પોતાના પુસ્તક "Nature and Significance of Economics" માં અર્થશાસ્ત્રને અછતલક્ષી શાસ્ત્ર તરીકે દર્શાવ્યું છે, રોબિન્સના મતે, 'અર્થશાસ્ત્ર એ માણસ પોતાની જરૂરિયાતો અને વૈકલ્પિક ઉપયોગ ધરાવતાં સાધનો વચ્ચે કેવી રીતે સમાધાન કરે છે તેની વર્તણૂકનો અભ્યાસ કરતું વિજ્ઞાન છે.' માનવીની જરૂરિયાતો અમર્યાદિત છે અને જરૂરિયાત સંતોષવાનાં સાધનો મર્યાદિત છે અને વૈકલ્પિક ઉપયોગ ધરાવે છે.
- રોબિન્સના જણાવ્યા મુજબ, અછતવાળાં સાધનોના ઉપયોગ દ્વારા માણસની મહત્તમ જરૂરિયાત કેવી રીતે સંતોષાય તેનું માર્ગદર્શન અર્થશાસ્ત્ર આપે છે. આમ, રોબિન્સના મત મુજબ અર્થશાસ્ત્ર વાસ્તવવાદી વિજ્ઞાન છે, આદર્શવાદી શાસ્ત્ર નથી. ઍમ્યુઅલસન સમાજની પસંદગીઓ અને વહેંચણીના મુદાને અર્થશાસ્ત્રના અભ્યાસક્ષેત્રમાં મહત્ત્વનું સ્થાન આપે .ઍમ્યુઅલસનના મત મુજબ, 'સમાજ કેવી રીતે અછતવાળાં સાધનો દ્વારા જરૂરિયાતોનું ઉત્પાદન કરી જુદા જુદા લોકો વચ્ચે વહેંચે છે તેનો અભ્યાસ કરતું શાસ્ત્ર અર્થશાસ્ત્ર છે.'

2. આંકડાકીય માહિતીની આકૃતિ કે આલેખમાં રજૂઆત કેવી રીતે કરશો? તે માટે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

- આંકડાકીય માહિતીને આકૃતિ કે આલેખમાં વિવિધ સ્વરૂપે આકર્ષક રીતે દર્શાવી શકાય છે. માંગ, પુરવઠા, કિંમત વગેરેની આંકડાકીય માહિતી તેમની વચ્ચેનો સંબંધ દર્શાવવા રેખીય આકૃતિ દ્વારા રજૂ થઈ શકે છે.આલેખ કે આકૃતિમાં વૈવિધ્યતા લાવવા આંકડાકીય માહિતીની રજૂઆત (i) સ્તંભાકૃતિ, (ii) પાસપાસેની સ્તંભાકૃતિ કે (iii) વૃત્તાંશ આકૃતિ દ્વારા થઈ શકે છે.

(i) સ્તંભાકૃતિ : એક ચલ રાશિની આંકડાકીય માહિતી આપી હોય ત્યારે આધારિત ચલ રૂ.ધરી (ઊભી ધરી) પર અને સ્વતંત્ર ચલ (સમય, સ્થળ વગેરે) ઠધરી (આડી ધરી) પર દર્શાવી ખંભાકૃતિ દોરવામાં આવે છે.

(ii) પાસપાસેની સ્તંભાકૃતિઃ જ્યારે સ્વતંત્ર ચલ એક અને આધારિત ચલ બે કે તેથી વધુ હોય ત્યારે પાસપાસેની ખંભાતિ માહિતીને યોગ્ય રીતે સરળતાથી રજૂ કરે છે.

(iii) વૃત્તાંશ આકૃતિ : જ્યારે કુલ માહિતી અને તેના પેટાવિભાગોની માહિતી હોય ત્યારે વૃત્તાંશ આકૃતિ દ્વારા માહિતીની રજૂઆત કરવામાં આવે છે. આવી રજૂઆતમાં કુલ માહિતી વર્તુળ છે અને પેટાવિભાગોની માહિતી વર્તુળના ભાગ એટલે વૃત્તાંશ છે. માહિતીને આકૃતિ  આલેખમાં રજૂ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો : આંકડાકીય માહિતીને આકૃતિ  આલેખમાં આકર્ષક સ્વરૂપે રજૂ કરી સરળતાથી સમજાવી શકાય છે. પરંતુ તે માટે નીચેની કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે :

(1) વિશ્વસનીય પ્રાપ્તિસ્થાન : આંકડાકીય માહિતીનું પ્રાપ્તિસ્થાન વિશ્વસનીય અને સર્વમાન્ય હોય તે ઇચ્છનીય છે. કારણ કે માહિતીને આધારે તારણો આપવામાં આવે છે.


(2) સ્વતંત્ર ચલ અને પરતંત્ર ચલ : જ્યારે બે કે વધુ ચલ વિશેની માહિતી આપી હોય ત્યારે તેમની વચ્ચેના સંબંધને આકૃતિ કે આલેખમાં દર્શાવવા સ્વતંત્ર ચલ અને પરતંત્ર ચલ નક્કી કરવા તે પ્રાથમિક જરૂરિયાત છે. સામાન્યતઃ કાર્યસ્વરૂપ કે પરિણામસ્વરૂપ ચલ પરતંત્ર ચલ છે, જેને રૂધરી પર દર્શાવાય છે. જ્યારે કારણસ્વરૂપ ચલ સ્વતંત્ર ચલ છે, જેને ઠધરી પર દર્શાવાય છે. જેમ કે, જુદાં જુદાં વર્ષ માટેની ઉત્પાદનની માહિતીમાં વર્ષ સ્વતંત્ર ચલ છે. જ્યારે ઉત્પાદન પરતંત્ર ચલ છે.

(3) સ્કેલમાપની પસંદગી : આંકડાઓને આકૃતિમાં યોગ્ય રૂપમાં ગોઠવવા માટે યોગ્ય સ્કેલમાપની પસંદગી મહત્ત્વની છે. નક્કી કરેલ સ્કેલમાપ આકૃતિની રજૂઆતમાં સમગ્ર રીતે જાળવવું જરૂરી છે. જેમ કે, 1 સેમી = 10 વર્ષ નક્કી કરો, પછી 10 વર્ષના વધારા માટે 1 સેમી આગળ વધવું પડે અને 5 વર્ષના વધારા માટે અડધો સેમી આગળ વધવું પડે. મોટી આંકડાકીય માહિતી આપી હોય ત્યારે જેતે ધરી પર! એવી નિશાની કર્યા પછી સ્કેલમાપ શરૂ કરવામાં આવે છે.

3. ચીન અને ભારતના ત્રણ મુખ્ય ક્ષેત્રમાં રોજગારીની નીચેની માહિતીને પાસપાસેની ખંભાકૃતિમાં રજૂ કરી વિશ્લેષણ કરોઃ

| **ક્ષેત્ર** | **રોજગારી (ટકામાં)** | |
|---|---|---|
| | **ચીન** | **ભારત** |
| **કૃષિ** | 50.0 | 60.5 |
| **ઉદ્યોગ** | 22.0 | 16.8 |
| **સેવા** | 28.0 | 22.7 |

➢ X ધરી પર ક્ષેત્ર અને ય ધરી પર રોજગારી (ટકામાં)દર્શાવતા અને પ્રથમ સ્તંભ ચીન માટે તથા બીજો સ્તંભ ભારત માટે દોરતા પાસપાસેની ખંભાકૃતિ નીચે મુજબ મળશે




વિશ્લેષણ : (1) આલેખમાં ઠ-ધરી પર ચીન અને ભારતનાં રોજગારીનાં જુદાં જુદાં ત્રણ ક્ષેત્ર અને રૂ-ધરી પર રોજગારીની ટકાવારી દર્શાવવામાં આવ્યાં છે. (2) કૃષિક્ષેત્રે ભારતમાં રોજગારીનું પ્રમાણ ચીન કરતાં ઊંચું જોવા મળે છે. (3) ઉદ્યોગ અને સેવાક્ષેત્રમાં ચીનમાં રોજગારીનું પ્રમાણ ભારત કરતાં ઊંચું છે. (4) ભારત અને ચીન બંને દેશોમાં ઉદ્યોગ અને સેવાક્ષેત્રની તુલનામાં કૃષિક્ષેત્રમાં રોજગારીનું પ્રમાણ વધુ રહ્યું છે. (5) ભારત અને ચીન બંને દેશોમાં ઉદ્યોગક્ષેત્રે રોજગારીની તકો અન્ય બે ક્ષેત્રોની સરખામણીમાં ઓછી જણાય છે.

1. આર્થિક પ્રવૃત્તિ અને બિનઆર્થિક પ્રવૃત્તિ વચ્ચેનો તફાવત સમજાવો.

| | **આર્થિક પ્રવૃત્તિ** | **બિનઆર્થિક પ્રવૃત્તિ** |
|---|---|---|
| 1. | જરૂરિયાત સંતોષવાના હેતુથી અર્થોપાર્જન માટે થતી દરેક પ્રવૃત્તિને આર્થિક પ્રવૃત્તિ કહેવાય છે. | જે પ્રવૃત્તિ અર્થોપાર્જન માટે થતી ન હોય તે દરેક પ્રવૃત્તિને બિનઆર્થિક પ્રવૃત્તિ કહેવાય છે. |
| 2. | વેપારી વસ્તુઓ વેચીને કમાણી કરે, ખેડૂત ખેતીકામ કરીને આવક મેળવે, શિક્ષક વિદ્યાર્થીને ખાનગી ટ્યુશન આપીને આવક મેળવે,ડૉક્ટર પોતાની સેવાઓ આપી બદલામાં નાણાં મેળવે, થિયેટરમાં જઈને ફિલ્મ જોવી | શિક્ષક પોતાના બાળકને ભણાવે, આયા પોતાના બાળકનો ઉછેર કરે, ડૉક્ટર પોતાની પત્નીની સારવાર કરે, વેપારી સ્વવપરાશ માટે ચીજવસ્તુઓ વાપરે, ખેડૂત તેના સંબંધીને અનાજ ભેટમાં આપે વગેરે બિનઆર્થિક પ્રવૃત્તિઓ છે. |

| | | |
|---|---|---|
| | વગેરે આર્થિક પ્રવૃત્તિઓ છે. | |
| 3. | આર્થિક પ્રવૃત્તિમાં ચીજવસ્તુઓ કે સેવાઓના વિનિમય દ્વારા આવક મેળવવાની કે ખર્ચ કરવાની પ્રવૃત્તિ થતી હોય છે. | બિનઆર્થિક પ્રવૃત્તિમાં વિનિમય, આવક કે ખર્ચનો હેતુ હોતો નથીઃ પરંતુ પ્રેમ, લાગણી, દયા, માન, અપમાન વગેરેથી પ્રેરાઈને થતી પ્રવૃત્તિ હોય છે. |
| 4. | આર્થિક પ્રવૃત્તિમાં બીજા પરનું અવલંબન છે. આપણે બજારમાંથી પુસ્તક ખરીદીને એમાં બીજા પરનું અવલંબન સંકળાયેલું છે. | બિનઆર્થિક પ્રવૃત્તિમાં બીજા પરના અવલંબનનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પુસ્તક વાંચવાની પ્રવૃત્તિ બિનઆર્થિક છે. તેમાં બીજા પરનું અવલંબન નથી. |

## 2. એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

| | **એકમલક્ષી અર્થશાસ્ત્ર** | **સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર** |
|---|---|---|
| 1. | જે અભ્યાસમાં અર્થશાસ્ત્રના એકમોનો અભ્યાસ થાય છે તે એકમલક્ષી અર્થશાસ્ત્ર છે. | જે અભ્યાસમાં અર્થશાસ્ત્રના સમગ્ર ક્ષેત્રનો અભ્યાસ થાય છે તે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર છે |
| 2. | વસ્તુની કિમત, પેઢીની સમતુલા, શ્રમિકની સીમાંત ઉત્પાદકતા વગેરે બાબતોનો અભ્યાસ એકમલક્ષી અર્થશાસ્ત્ર છે. | કુલ રોજગારી, રાષ્ટ્રીય આવક, વસ્તીભાવસપાટીનું નિર્ધારણ રોજગારી, ગરીબી વગેરેના પ્રમાણનો અભ્યાસ સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર છે. |
| 3. | એકમલથી અર્થશાસ્ત્ર ગ્રાહક, પેઢી, શ્રમિક જેવા આર્થિક એકમને નિર્ણય કરવામાં મદદરૂપ થાય છે, તેમજ માનવીના આર્થિક વર્તનને સમજવામાં ઉપયોગી છે. | સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર સરકારને આર્થિક નીતિ ઘડવામાં ને આર્થિક સંસ્થાઓને નિર્ણયો લેવામાં મદદ કરે છે. |
| 4. | એકમલક્ષી અભ્યાસ પરથી સમગ્રલતી નીતિ નક્કી કરી શકાય છે. | સમગ્રલક્ષી નીતિની મદદથી આર્થિક એકમ પર પડેલી અસરોનો અભ્યાસ કરી શકાય છે. |